# જિલ્લામાં મોસમનો સૌથી વધુ વરસાદ તલોદ તાલુકામાં : વધુ ચાર ઈંચ ખાબક્યો

હિંમતનગર, તા. ૨૧

આ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં ચોમાસા દરમિયાન અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદ તલોદ તાલુકામાં ૨૮ ઈંચ વરસાદ પડ્યો છે. જોકે તેનાથી થોડો ઓછો વરસાદ પ્રાંતિજ તાલુકામાં પડી ચૂક્યો છે. દરમિયાન ગુરૂવારે સાંજે છ વાગ્યાથી શુક્રવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં એકલા તલોદ તાલુકામાં ચાર ઈંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે અન્ય સ્થળે હળવો વરસાદ થયો છે. શુક્રવારે દિવસ દરમિયાન પોશીનામાં ૧૪ અને વિજયનગર પંથકમાં બે મી.મી. વરસાદ નોંધાયો છે.

ડીઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ ગુરૂવારે રાત્રે ૧૦ થી ૧૨ ના સમયગાળા દરમિયાન તલોદમાં પાંચ મી.મી. અને ગુરૂવારે સવારે ૪ થી ૬ વાગ્યા સુધીમાં ૭૦ મી.મી.થી વધુ વરસાદ પડ્યો હતો. જોકે રાત્રી દરમિયાન તલોદ તાલુકામાં ૧૮ મી.મી.થી વધુ વરસાદ થતા સવારે તલોદ સહિત અન્ય ગામડાઓમાં આવેલા ખેતરો વરસાદી પાણીથી ભરાઈ ગયા હતા.

તો બીજી તરફ છેલ્લા ૨૪ કલાક દરમિયાન ઈડરમાં ૨૭ મી.મી., ખેડબ્રહ્માંમાં ૧૨, પ્રાંતિજમાં ૭, પોશીનામાં ૧૮, વડાલીમાં ૧૫, વિજયનગરમાં ૨૨ જ્યારે હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં ૨૦ મી.મી.થી વધુ વરસાદ થયો છે. આમ જોવા જઈએ તો આ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધી મોસમનો સૌથી વધુ વરસાદ તલોદ તાલુકામાં ૭૦૦ મી.મી. (૮૭.૦૬ ટકા) સાથે મોખરે રહ્યો છે. પ્રાંતિજ તાલુકામાં ૬૨૮ મી.મી., પોશીનામાં ૫૩૩, વડાલીમાં ૪૪૮, વિજયનગરમાં ૫૩૭ જ્યારે હિંમતનગર તાલુકામાં ૫૨૦ મી.મી. એટલે કે ૬૧.૧૦ ટકા વરસાદ નોંધાયો છે.



# સુઈગામ અઢી ઈંચ, કાંકરેજ બે, ભાભર એક ઈંચ વરસાદ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદની આગાહી વચ્ચે બુધવારે રાત્રે ત્રણ તાલુકામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જ્યારે અન્યત્ર છુટા છવાયા ઝાપટાં પડ્યા હતા. સુઈગામ અઢી ઈંચ - કાંકરેજ બે, ભાભર એક ઈંચ વરસાદ નોંધાયો હતો.

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા દસેક દિવસથી ચોમાસું જામ્યું છે. જ્યાં ભારે વરસાદની આગાહી વચ્ચે છુટા છવાયા હળવાથી ભારે વરસાદી ઝાપટાં પડી રહ્યા છે. આવી સ્થિતિમાં બુધવારે રાત્રે ત્રણ તાલુકામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. કાંકરેજ તાલુકામાં બે ઈંચ ઉપરાંત ભારે વરસાદ વરસ્યો હતો. જેના કારણે ચોમાસુ ખરીફ પાકો જેવા કે મગફળી, કપાસ, જુવાર, બાજરી જેવા વાવેતર કરેલ પાકોમાં પાણી ભરાયા છે. પાણી ભરાતાં નિકાલ નહી થાય તો ઉભા પાકને કારણે ખેડુતોને ભારે નુકશાન ભોગવવાનો વારો આવશે.જયારે કઠોળ જેવા પાકોનુ પાછોતરો વરસાદ થતાં વાવેતર લેટ થતાં નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. ભારે વરસાદ પડવાથી શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. જગતના તાતને કહી ખુશી કહી ગમ જેવો માહોલ સર્જાયો છે.આવનારા દિવસોમાં વધુ પડે તો પાકને વધુ નુકશાન થાય તેવી ચિંતા સેવાઈ રહી છે. આ ઉપરાંત સુઈગામમાં અઢી ઈંચ જયારે ભાભરમાં પણ એક ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. પાલનપુર પંથકમાં દિવસ દરમિયાન સમયાંતરે હળવાથી ભારે વરસાદી ઝાપટાં પડ્યા હતા.

# પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખને લઈને પ્રાંતિજમાં બે જુથો આમને-સામને

## પોત પોતાના પ્રમુખ બનાવવા બન્ને જુથોએ એડી ચોટીનું જોર લગાવ્યું

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગર પાલિકાના નવા પ્રમુખને લઈને હાલ અટકળો તેજ થઈ છે. ચૂંટણી આડે હવે માત્ર ત્રણ દિવસ બાકી છે




ત્યારે પોતાના પ્રમુખ બનાવવા માટે નગરપાલિકાના સમર્થકો તથા કોર્પોરેટરો એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. ત્યારે કિસમે કિતના હે દમ એ તો આવનારી ૨૪ તારીખે જ ખબર પડશે.

પ્રાંતિજ નગરપાલિકાના નવા પ્રમુખને લઈને હાલ પ્રાંતિજમાં સ્થાનિક રાજકારણ ગરમાયુ છે અને પાલિકામાં બે ગ્રુપ પડી ગયા છે અને બન્ને ગ્રુપો દ્વારા પોતપોતાના પ્રમુખોને પ્રમુખ બનાવવા માટે એડી ચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. સુત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે કે બન્ને ગ્રુપો દ્વારા પોત પોતાના પ્રમુખ બનાવવા બન્ને પક્ષે સહી ઝુંબેશ ચાલું કરી છે ત્યારે હવે જોવું એ રહ્યું કે કિસમે કિતના હે દમ અને નવા પ્રમુખ તરીકે કોણ આવશે એ તો હવે ૨૪-૮-૨૦૨૦૨૦ ના દિવસે જ જાહેર થશે. ત્યારે બીજી બાજુ કોગ્રેસ અપક્ષોની મદદથી પ્રમુખની ગાદી ઉપર કબજો મેળવે તેવી પણ ચર્ચાઓએ નગરમાં જોર પકડ્યું અને કોગ્રેસ અપક્ષોની બોલબાલા વધે તો નવાઈ નહી, ત્યારે હવે જોવું એ રહ્યું કે હાલ તો પ્રમુખના ચાર ઉમેદવારો દિલીપભાઈ રાવળ, દિપકભાઈ કડીયા, જશોદાબેન રાઠોડ, મહેબુબભાઈ બલોચના નામોમાંથી કોના સિરે તાજ જશે કે બળવો થશે એ તો હવે જોવું રહ્યું.

# ઉત્તરપ્રદેશ તેમજ બિહારના સરહદી વિસ્તારોમાં પણ હવે મળશે બનાસ ડેરી અમૂલનું દૂધ

એશિયાની સૌથી મોટી ડેરી તરીકે ખ્યાતિ ધરાવતી બનાસડેરી તેની કામકાજની ક્ષિતિજો



ઉત્તરપ્રદેશના તેમજ બિહારના સરહદી વિસ્તારોમાં વિસ્તારી રહી છે. ત્યારે ગત રોજ ઉત્તરપ્રદેશના બલિયા ખાતે બનાસડેરીના મિલ્ક પેકિંગ સ્ટેશનનો પ્રારંભ થતા આવા નવા વિસ્તારોમાં પણ હવે લોકો સુધી બનાસડેરી દ્વારા અમુલ દૂધ, છાશ, દહીં જેવી પ્રોડક્ટ વેચાતી થશે.

દૈનિક સરેરાશ ૬૦ લાખ લીટર દૂધ સંપાદન કરતી બનાસડેરી તેનું વધારેમાં વધારે દૂધનું પાઉચમાં પેકિંગ કરીને ઉપભોક્તાઓ સુધી પહોંચાડે છે અને આ રીતે દૂધ ઉત્પાદકોને દૂધનું ઊંચું વળતર આપવામાં સફળ રહી છે, ત્યારે ઉત્તરપ્રદેશના બલિયા ખાતે પણ દૈનિક ૫૦ હજાર લિટર દૂધનું પેકિંગ કરવા માટેનું પેકિંગ સ્ટેશન ઉભુ કરતાં બનાસડેરીના દૂધ વેચાણમાં વધારો થશે અને સરવાળે દૂધ ઉત્પાદકોને પણ લાભ થશે.

# સાબરકાંઠામાં આજથી ગણેશ મહોત્સવનો પ્રારંભ


હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લામાં શનિવારે ગણેશ ચતુર્થી હોવાને નાતે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે ગણેશ મહોત્સવનો પ્રારંભ થશે જોકે કોરોનાને લઈને સરકારે મુકેલા તમામ પ્રતિબંધો વચ્ચે તેની કોઈ અવગણના ન થાય તે રીતે ગણેશ સ્થાપન બાદ સવારે અને સાંજે ગણેશ ભક્તો પૂજા અર્ચના તથા આરતીમાં ભાગ લઈ શકશે. ઘરે ઘરે ગણેશ સ્થાપન કરવાનો મહિમા વધ્યો છે ત્યારે તેના લીધે લોકો કોરોનાથી સંક્રમિત થવાની શક્યતા નહિવત છે. શનિવારે જિલ્લા પંચાયત સહિત ટાવર રોડ પર આવેલ અમરસિંહ શોપીંગ મોલ સહિત અન્ય સ્થળે વર્ષોથી ગણેશ મહોત્સવ નિમિત્તે કાર્યક્રમો યોજાય છે. કોરોનાને લઈને આયોજકોએ નિયમોનો ભંગ ન થાય તે ધ્યાનમાં રાખીને ગણેશ મહોત્સવની ઉજવણી કરવાનું નક્કી કર્યુ છે.

# અરવલ્લીમાં ૧૩ વર્ષમાં જિલ્લામાંથી અપહરણ થયેલ ૩૭ બાળકોમાંથી ૧૮ બાળકોને શોધી કાઢ્યા

## હજુ ૧૯ બાળકોનો કોઈ અતોપતો નથી

સમગ્ર દેશમાં દર વર્ષે ૪૫ હજારથી વધુ બાળકો ગુમ, અપહરણ થવાની ઘટનાઓ બહાર




| પો.સ્ટેનું નામ | શોધી કાઢેલ બાળકોની સંખ્યા | | પો.સ્ટેનું નામ | શોધી કાઢેલ બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|
| માલપુર | ૩ | | બાયડ | ૨ |
| શામળાજી | ૨ | | મોડાસા રૂરલ | ૨ |
| ધનસુરા | ૩ | | ઇસરી | ૩ |
| મેઘરજ | ૨ | | મોડાસા ટાઉન | ૧ |
| | | | કુલ | ૧૮ |

આવે છે. દેશમાં દર આઠ મિનિટ એક બાળક ગુમ થઈ રહ્યું છે, ૪૫ હજારથી વધુ બાળકો ગુમ થવાની ઘટનામાંથી ૧૧ હજાર જેટલા બાળકો તો ક્યારેય ઘરે પહોંચી શકતા નથી, બાળકોનું ગુમ થવું અને બાળતસ્કરી એ ભારત જેવા વિશાળ આબાદીવાળા વિકાસશીલ દેશ માટે પડકાર બની ઊભરી રહી છે. ત્યારે અરવલ્લી જીલ્લામાં છેલ્લા તેર વર્ષમાં ૩૭ જેટલા બાળકોનું અપહરણ અને ગુમ થયાની ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાઈ હતી, જેમાંથી ૧૮ જેટલા બાળકોને અરવલ્લી જીલ્લા પોલીસ શોધી કાઢવામાં સફળ રહી છે જયારે ૧૯ બાળકોની શોધખોળ હાથ ધરી છે. જીલ્લા પોલીસવડા સંજય ખેરાતે જીલ્લામાંથી રહસ્યમય રીતે ગુમ થયેલ બાળકોની શોધખોળ પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

પોતાના ગુમ થયેલા બાળકની શોધમાં સેંકડો પરિવારો આમ તેમ ભટકી રહ્યાં છે. ગુમ થયેલામાંથી કેટલાક બાળકો ખુશનસીબ હોય છે, જે પોતાના ઘરે પાછા પહોંચી શકે છે. પણ જે નથી પહોંચતા તે તસ્કરી અને શોષણના નર્કમાં ખોવાઈ જાય છે. અરવલ્લી જીલ્લામાં વર્ષ-૨૦૧૭ થી ૨૨ જુલાઈ-૨૦૨૦ સુધીમાં ૩૭ બાળકોના અપહરણ થયેલ બાળકો શોધવાના બાકી હોવાથી જીલ્લા એલસીબી, પેરોલ ફર્લો સ્કોડ અને જીલ્લા પોલીસતંત્રે ૧૮ અપહરણ થયેલ બાળકોને શોધી કાઢવામાં સફળતા મળી છે તથા હજુ પણ અપહરણ થયેલ ૧૯ બાળકોની કોઈ સગડ નહિ મળતા જીલ્લા પોલીસતંત્રએ અપહરણ થયેલા બાળકોને શોધી કાઢવા સઘન પ્રયાસો આદરી દીધા છે. જીલ્લા પોલીસ ૧૮ અપહરણ બાળકોને શોધી કાઢી તેમના વાલી વારસોને સોંપતા પરિવારજનોમાં આનંદ છવાયો હતો અને જીલ્લા પોલીસતંત્રની કામગીરીની સરાહના કરી હતી.

# કપાસિયા નજીક પશુ ચરાવવા ગયેલા ખેડૂત ઉપર રીંછનો હૂમલો

અમીરગઢ તાલુકાના કપાસિયા નજીક ગુરુવારે પશુ ચરાવવા ગયેલા ખેડૂત ઉપર રીંછે હુમલો કર્યો હતો. જેમાં ઈજાગ્રસ્તને ગંભીર હાલતમાં ૧૦૮ દ્વારા વાન માં જ સારવાર આપતાં આપતાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

બનાસકાંઠા જિલ્લાના દાંતા-અમીરગઢ જેસોર અભયારણ્ય વિસ્તારમાં રીંછ દ્વારા હુમલાની ઘટનાઓ ઘટી રહી છે. જ્યાં બુધવારે એક વ્યક્તિ ઉપર રીંછે હુમલો કર્યો હોવાની ઘટના બાદ ગુરુવારે પણ વધુ એક ઘટના બની હતી. આ અંગે પાલનપુર ૧૦૮ના પાયલટ કિરણભાઈ પરમારે જણાવ્યું હતું કે, કપાસિયા ગામના સરપંચના ભાઈ મોતીભાઈ રૂપાભાઈ રબારી (ઉ.વ.૪૦) ભેંસો ચરાવવા માટે જંગલમાં ગયા હતા. જ્યાં એક ભેંસ ખોવાઈ જતાં તેઓ જંગલમાં દૂર શોધવા નીકળ્યા હતા. તે દરમિયાન બચ્ચા સાથે આવેલી રીંછે તેમની ઉપર હૂમલો કરી દીધો હતો. જેમાં મોતીભાઈને ગંભીર ઈજા થવા પામી હતી. દરમિયાન તેમની બુમો સાંભળી અન્ય લોકો દોડી આવ્યા હતા. અને ૧૦૮ના ઈએમટી કિરણભાઈ પટેલ અને પાયલટ અરવિંદદાન ગઢવીએ વાન માં જ સારવાર આપતાં આપતાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા.

# ટ્રાફિકના નિયમોનું ઉલ્લઘન કરતા થઈ જજો સાવધાન

## અરવલ્લી જિલ્લા પોલીસને ટ્રાફિક નિયમન માટે સરકારે પાંચ બુલેટ ફાળવી

અરવલ્લી જીલ્લામાં ટ્રાફિક પોલીસને વધુ આધુનિક બનાવવા



અને સરળતાથી કામ થઈ શકે તે હેતુથી અરવલ્લી ટ્રાફિક વિભાગને ૫ બુલેટ સરકાર તરફથી આપવામાં આવ્યા છે. જેમાં અલગ અલગ હાઈ ટેકનોલોજી સિસ્ટમ પણ ફિટ કરવામાં આવી છે. જીલ્લાના માર્ગો પર નવી બુલેટ સાથે હવે ટ્રાફિક પોલીસ નવા રંગરૂપમાં ટ્રાફિક નિયમનની કામગીરી કરતી જોવા મળશે. જીલ્લામાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લઘન કરનાર વાહનચાલકો સામે શખ્ત કાર્યવાહી કરવામાં મદદરૂપ બનશે. જીલ્લા પોલીસવડા સંજય ખરાતે ૫ બુલેટને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

અરવલ્લીમાં ટ્રાફીકના નિયમોનો વાહનચાલકો ઉલાળિયો કરતા જીલ્લામાં અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. જીલ્લામાં ટ્રાફિકના નિયમનોની ચુસ્ત અમલવારી કરાવવી જીલ્લા એસપી સંજય ખરાત માટે મોટી ચેલેન્જ સાબિત થઈ શકે છે, ત્યારે ટ્રાફીકની વ્યવસ્થા સુચારૂ રીતે જળવાઈ રહે તે માટે જીલ્લામાં ટ્રાફીક બ્રિગેડ જવાનોની ભરતી કરવામાં આવી છે અને ટ્રાફીક નિયમોનું પાલન સારી થાય અને ટ્રાફીક સમસ્યા નિવારવા માટે રાજય સરકારે અરવલ્લી જીલ્લા ટ્રાફીક પોલીસને ૫ બુલેટ બાઈક ફાળવવામાં આવતા જીલ્લા પોલીસવડા સંજય ખરાતે ૫ બુલેટને પોલીસભવનથી લીલી ઝંડી આપી રવાના કર્યા હતા. જેમાં મોડાસા ટાઉન પોલીસ, ભિલોડા, મેઘરજ, ધનસુરા અને બાયડ પોલીસ સ્ટેશનમાં એક-એક બુલેટની ફાળવણી કરવામાં આવી હતી. ફાળવણી કરેલ બુલેટ જે તે પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ટ્રાફિક નિયમન અને પ્રજાને મદદરૂપ થશે.

# ત્રિપલ 'પી'ના મંત્રથી અરવલ્લીની આદિવાસી બહેનો બની આત્મનિર્ભર

## ઓર્ગેનિક આદુ અને હળદરની ખેતીથી આદિવાસી બહેનો મહિને પાંચ હજારથી વધુ કમાણી કરે છે

સમગ્ર વિશ્વ અને ભારત કોરોનાના સંક્રમણકાળમાંથી પસાર થઈ રહ્યુ છે ત્યારે આયુર્વેદિક ઉપચાર સર્વશ્રેષ્ઠ હોવાનું ભારતના



આયુષ મંત્રાલય દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે. જેમાં એન્ટીઓક્સીડેન્ટ તત્વોથી ભરપૂર હળદર તે પૈકી એક છે. હળદરની ખેતી અને તેના વેચાણથી અરવલ્લીની આદિવાસી બહેનો મહિને પાંચ હજારથી વધુ કમાણી કરીને પ્રોડકશન, પ્રોસેસિંગ અને પેકેજીંગના ત્રિપલ 'પી'ના મંત્રથી આત્મનિર્ભર બની છે.

વાત છે અરવલ્લીની આદિવાસી બહેનોને કે જે જમીનના નાના ટુકડાઓમાં દેશી (આર્ગેનિક) હળદર અને દેશી આદુની ખેતી કરીને આર્થિક રીતે પગભર બની છે અગાઉ ખેતરમાં હળદર અને આદુની ખેતી કરીને છુટક બજારમાં વેચાણ કરીને પૈસા મેળવી લેતી હતી પરંતુ ગ્રામ વિકાસ એજન્સીના માર્ગદર્શન હેઠળ સખી મંડળનું નિર્માણ કરીને લોકલ બ્રાન્ડને બેસ્ટ સેલિંગ બ્રાન્ડ બનાવી છે. અરવલ્લીના ભિલોડા અને મેઘરજ તાલુકાના બહુધા આદિજાતિ વસતી ધરાવતી બહેનો પહેલા ધાન્યપાક અને ઘાસચારનું વાવેતર કરી પશુપાલન પર નિર્ભર રહેતી હતી. પરંતુ સખીમંડળ દ્વારા બહેનોને બજારમાં માંગ વધારે હોય તેવી ઔષધિય પાકનું વાવેતર શરૂ કર્યુ જેમાં આર્ગેનિક હળદર મુખ્ય પાક છે. અહિની બહેનો દ્વારા પકાવવામાં આવતી લીલી હળદર ૫૦ રૂપિયે કિલોનો ભાવ હોય તો પણ તરત જ બજારમાં વેચાય જાય છે પરંતુ તે સિવાય વધતી હળદરને જાતે પ્રોસેસિંગ કરીને પ્રોડક્ટને બજારમાં રૂ. ૨૫૦ના કિલોના ભાવે વેચાણ અર્થે મુકે છે. તેની માંગ પણ વધારે રહે છે. આ અંગે વાત કરતા લુસડીયા ગામની સખીમંડળની પ્રમુખ તારાબેન સુવેરા જણાવે છે કે અગાઉ અમે હળદરને બજારમાં ખુલ્લી વેચાણ કરી દેતા હતા જે પૈસા આવે તે ઘરખર્ચમાં વપરાશમાં ઉપયોગ કરતા પરંતુ અમે સખીમંડળમાં જોડાતા લીલી હળદર તેમજ સૂકી હળદરને પ્રોસેસિંગ કરી વેચતા બજારમાં ભાવ પણ ઉંચો મળવા લાગ્યો તેમજ જે આવક મળે તેમાંથી અમારા બચતખાતામાં પણ પૈસાનો વધારો થયો.

આ અંગે વધુ વાત કરતા બહેનો કહે છે કે અમે આદિજાતિ વિભાગની યોજનાથી અમે ગરમ મસાલા પ્રોસેસિંગ અને પેકેજીંગનું મશીન પણ વસાવી જાતે જ પેકિંગ કરીએ છીએ જેથી અહિના સખી મંડળના દ્વારા બનાવવામાં આવેલ હળદરના બ્રાન્ડની માંગ વધારે રહે છે. આત્મનિર્ભર બનેલી તારાબેનના સખીમંડળની બહેનો કહે છે. અંદાજે એક હેકટર જમીનમાં આદુ અને હળદરની ખેતી કરી લગભગ ૨૦૦થી વધુ પરીવારો આજીવિકા ચાલે છે.જેમાં પાંચથી વધારે સખીમંડળની ૭૦થી વધુ બહેનો જોડાયેલી છે. જેઓ મહિને રૂ. ૧૦ હજાર અને શિયાળાના ચારમાસના ગાળામાં રૂ. ૫૦ હજારથી વધારે કમાણી કરી લઈએ છીએ.



તેઓ અહિના આદુની માંગ પણ એટલી રહેતી હોય તેઓ હવે આદુની પેસ્ટ બનાવી બજારમાં વેચાણ અર્થે મુક્યુ છે તેની માંગ પણ વધતા હવે અમે આસપાસના વિસ્તારમાં નાના પાયે આદુની ખેતી કરતા ખેડૂતો પાસેથી આદુનુ કલેકશન કરી તેનું પ્રોસેસિંગ કરી બજારમાં વેચાણ કરીએ છીએ જેનાથી ખેડૂતોને પણ પોષણક્ષમ ભાવ મળી રહે છે અને સખીમંડળની બહેનોને પણ ફાયદો થાય છે. આર્ગેનિક ખેતીથી આત્મનિર્ભર બનેલી આદિવાસી બહેનોઓએ લોકલ બ્રાન્ડને બેસ્ટ સેલિંગ બ્રાન્ડ બનાવી છે.